વડીલોને વંદન અભિનંદન

મંગળદાસ એમ. સુરજકર
(૧૯૪૮) મો. ૯૬૦૧૬૨૧૬૯૫

છબીલભાઈ રેવાશંકર ત્રિવેદી
(૧૯૪૦) ફોન: ૨૩૨૬૦૪૦૯

જાહેરનામાંના ભંગ બદલ વેપારી સામે ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં મંગળવારના રોજ બપોરના ૨.૪૫ વાગેના સુમારે ડૉ. નલીનકાંત ગાંધી ટાઉન હોલ સામે આવેલ હરસિદ્ધ માતાજીના મંદિર પાસે રાધાકૃષ્ણ આર્ટ નામની દુકાન આવેલ છે જે દુકાનમાં વાહનોની નંબર પ્લેટ બનાવાય છે પરંતુ દુકાનદાર જે વાહન માલિકના નામ સરનામા, ઓળખપત્ર, વાહનની આરસી બુકની નકલો અને નોંધણી કરવાનુ રજીસ્ટર નહિ બનાવી તેમજ તપાસ દરમિયાન રજુ નહિ કરી જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરેલાનુંહિંમતનગર ટાઉન પોલીસમથકે એસઓજીના હેડ કોન્સ્ટેબલે દુકાનદાર ઈડર તાલુકાના અરોડા ગામના સુરેશભાઈ નારણભાઈ પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

માનવ અધિકાર પંચની સૂચનાથી ડીસામાં આરોગ્યલક્ષી ટીમના દરોડા

ડીસા, તા. ૫

ડીસા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા પાંચ વર્ષથી ડીગ્રી વગરના અનેક તબીબો આડે-ધડ એલોપેથીક પ્રેકટીશ કરી ભોળા અને ગ્રામીણ દર્દીઓ સાથે ગંભીર પ્રકારના ચેડા કરી રહેલ છે. આવા તબીબોને તાલુકા હેલ્થ ઓફીસર દ્વારા સીધુ પ્રોટેક્શન અને છુટોદોર અપાતા ડીસા પંથકમાં દર્દીઓ બોગસ તબીબોના હાથે લુંટાઈ રહ્યા છે.

જેમાં તાજેતરમાં દામાગામે રહેતાં એક દલીત શિક્ષકનું બોગસ તબીબ હાથે મોત થતાં સમગ્ર રાજયભરમાં ડીસા પંથકની બે જવાબદાર આરોગ્ય લક્ષી સેવાઓના પડઘા પડ્યા હતાં. અને જવાબદાર આરોગ્ય અધિકારીઓ વિરૂધ્ધ પગલા ભરવાની ચોમેરથી માંગ ઉઠી હતી. જોકે મોટી રાજકીય વગ ધરાવતાં અધિકારી ગણ દ્વારા આ સમગ્ર મામલો દબાવી દેવાયો હતો. આ મામલે ગાંધીનગર સમાચાર દ્વારા જાહેર હીતાર્થે બેફામ બનેલ ડીગ્રી વગરના તમામ તબીબો વિરૂધ્ધ ઉચીત કાર્યવાહી કરી બોગસ તબીબ હાથે મરણ ગયેલ દલીત શિક્ષકને ન્યાય આપવાની માંગ કરતા અહેવાલો પ્રસિદ્ધ કરાયા હતાં. જોકે આ અહેવાલો પર તંત્રની કોઈ કારણોસર નજર પડેલ નહી પરંતુ માનવ અધિકાર પંચે ભગવાન ભરોસે ડીસા પંથકમાં બોગસ તબીબોની ગુનાહીત સારવાર તળે ચાલતી આ પ્રવૃત્તિ અટકાવવા ન્યાયીક પહેલ કરી હતી. અને જીલ્લા આરોગ્ય અધિકારી બનાસકાંઠાને આ મામલે યોગ્ય કાર્યવાહી કરવા લેખીત જાણ કરી હતી. જેના પગલે આજરોજ ડીસા ખાતે આરોગ્ય લક્ષી બે વિવિધ ટીમો દ્વારા ચેકીંગ હાથ ધરાયું હતું.

જોકે આ તપાસ ખાનગી રહી નહતી. અને બોગસ તબીબોને બચાવવા ડીસા આરોગ્ય વિભાગનાજ કેટલાક મળતીયા અધિકારીઓ દ્વારા આગોતરી જાણ કરાતા ડીસા શહેર તેમજ ગ્રામીણ વિસ્તારમાં મોતની હાટડીઓ ચલાવતાં અનેક તબીબોએ વહેલી સવારથી તેમની હોસ્પીટલના તાળા બંધ કરી સબ-સલામતનાં પાંચ વર્ષથી ડીસાના તાલુકા હેલ્થ ઓફીસર દ્વારા અપાતા ખોટા રીપોર્ટોને આડકતરી રીતે સમર્થન કર્યું હતું. આમ આરોગ્ય લક્ષી રખાયેલ આજનું સરપ્રાઈઝ ચેકીંગ ડીસામાં ફારસ રૂપ સાબીત થયું હતું.

આ બાબતે એવા ચોંકાવનારા અહેવાલો મળેલ છે કે ડીસાના તાલુકા હેલ્થ ઓફીસરની મીઠી નજર તળે સમગ્ર પંથકમાં અનેક તબીબો ડીગ્રી વગર એલોપેથીક પ્રેકટીશ કરી રહ્યા છે. જેમાં એક સરકારી ફાર્માસીસ્ટ સાથે આરોગ્ય અધિકારીની સીધી મીલી ભગત છે. આ ફાર્માસીસ્ટ ગાયત્રી મંદિર પાસે હોલસેલ દવાના વહેપારી છે. અને તેમને ત્યાથીજ બોગસ તબીબો દવાઓ ખરીદતા હોય છે. આ દવાની એજન્સી અને બોગસ તબીબો વચ્ચેની સાંઠ-ગાંઠથી ડીસા પંથકમાં ખુલ્લે આમ એલોપેથીક પ્રેકટીશ કરતા ડીગ્રી વગરના તબીબો બે ફામ બનેલ છે. અનેકો વખત તેમના વિરૂધ્ધમાં અગ્રણી દૈનિક અખબારો અને મેગેઝીનો તેમજ ઈલોકટ્રોનીક મિડીયામાં આ મામલે આધાર પુરાવા સાથે અહેવાલો પ્રસિદ્ધ થયેલ છે. જોકે સ્થાનીક રાજકારણ સાથે સ્વાર્થ પુર્ણ ઘરોબો કેળવી ચુકેલા સ્થાનીક હેલ્થ ઓફીસરની સામે આરોગ્ય તંત્ર પાંચ વર્ષથી કોઈ નર પગલા ન ભરી શકતા ડીસા પંથકના ગરીબ અને લાચાર દર્દીઓ બોગસ તબીબોના હાથે પીડાઈ રહ્યા છે. આ અહેવાલો જાહેર હીતાર્થે નિગાહે લઈ રાજયના આરોગ્ય મંત્રી દોષીતો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠેલ છે.

ધનસુરા તાલુકાના ૧૩ ગ્રામ પંચાયતના સરપંચના વિજેતા ઉમેદવારો

ધનસુરા, તા. ૫

ધનસુરા તાલુકાના ૧૩ ગ્રામપંચાયતોની ચૂંટણી ગત તારીખ ૩જી ફેબ્રુઆરીના રોજ યોજાઈ ગઈ. આજરોજ ધનસુરા તાલુકાના ૧૩ ગ્રામપંચાયતોની ચૂંટણીની મતગણતરી સવારે ૯ વાગ્યાથી શરૂ થતાં બપોર સુધીમાં તમામ ગ્રામ પંચાયતોના સરપંચ તથા સદસ્યોના પરિણામ જાહેર થતાં મામલતદાર કચેરીના મેદાનમાં અભિલ ગુલાલની છોળો ઉડાડી સમર્થકોએ આનંદ વ્યક્ત કર્યો હતો.

ધનસુરા તાલુકાના ૧૩ ગામોના સરપંચોની યાદી

ગામ	સરપંચ
રમણા	ભૂરાભાઈ ડાહ્યાભાઈ ખાંટ
ભેસાવાડા	હસમુખભાઈ જેઠાભાઈ પટેલ
મલેકપુર	ગોપાલભાઈ કાળાભાઈ પગી
રહિયાલા	બાબુભાઈ હીરાભાઈ પરમાર
લાલીનો મઠ	શારદાબેન રણજીતભાઈ સોલંકી
જસ્વેતપુરા	હિનાબેન ભરતકુમાર પંડ્યા
કરોલી	જયશ્રીબેન રમેશપુરી ગોસ્વામી
બિલવણીયા	જસ્વેતસિંહ મોરાદાન ગઢવી
ધામણીયા	બાબુભાઈ સોલંકી
ખડોલ	અનસુયાબેન પરમાર
બારનોલી	મધુબેન ખત્રી
વડાગામ	ઠાકોર સાહેબ સંગ્રામસિંહજી
જામઠા	લખાજી મોહનજી પરમાર

હિંમતનગરમાં ૨૦ મી.મી. કમોસમી વરસાદ

હિંમતનગર, તા. ૫

વેસ્ટર્ન ડિસ્ટબન્સને લઈને સાબરકાંઠા જિલ્લામાં સોમવારની મોડી રાત્રીના અચાનક વાતાવરણમાં પલટો આવતા વીજળીના કડાકા ભારે પવન અને બરફના કરા સાથે કમોસમી વરસાદ પડ્યો હતો જેના કારણે ખેતીના પાકોમાં પણ નુકશાન થયું હતું.

જાણવા મળ્યા મુજબ સોમવારની મોડી રાત્રીના અચાનક જિલ્લાના ખેડબ્રહ્મા, વડાલી, ભિલોડા, પ્રાંતિજ અને હિંમતનગરમાં વીજળીના કડાકા ભારે વાવાઝોડા સાથે કમોસમી વરસાદ શરૂ થયો હતો. જ્યારે હિંમતનગર અને પ્રાંતિજમાં તો બરફના કરા પણ પડ્યા હતા. હિંમતનગરમાં તો ભારે શિયાળે ચોમાસા જેવો વરસાદ પડ્યો હતો અને શહેરના માર્ગો પર બે કાંઠે પાણી વહેવા માંડ્યું હતું. આ અંગે જિલ્લા ડિઝાસ્ટરનો સંપર્ક કરતા જાણવા મળેલ કે હિંમતનગરમાં ૨૦ મીમી વરસાદ નોંધાયો હતો. આ કમોસમી વરસાદને કારણે હિંમતનગરના નાદરી પેથાપુર ગામે અને તેની આજુબાજુના ગામના વિસ્તારોમાં ભારે વાવાઝોડા સાથે પડેલ બરફના કરાને કારણે સવા બેફૂટના થયેલા ઘઉંનો પાક, એરંડાનો પાક, રાયડાનો પાક જમીન દોસ્ત થઈ ગયેલ અને લીંબુડીના પાકમાં ફૂલો પડી ગયેલા જેના કારણે ખેડૂતોને ભારે નુકસાન થવા પામ્યું હતું.



ડીસાની કીડ-ઝી સ્કુલમાં સ્પોર્ટસ ડે ની ઉજવણી કરાઈ હતી. જેમાં સ્પોર્ટસ કલબ ખાતે યોજાયેલ સ્પર્ધામાં દોડ, સ્કેટીંગ, સંગીત, કુસ્તી, સહીત અનેક રમતોમાં નાના બાળકોએ તેમનામાં રહેલ સુષુપ્ત શક્તિઓનું સ્ટેજપર પરફોર્મન્સ રજુ કર્યું હતું. જેમાં શાળા શિક્ષકગણ દ્વારા ભારતની જાણીતી રમત કુસ્તીના સ્પર્ધકોને ખાસ તાલીમ બધ્ધ કરાયા હતાં.

ભિલોડામાંથી રાંધણગેસના બાટલા ભરેલો ટેમ્પો ઝડપાયો

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં લગ્નસરાની સિઝન પુરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે રાંધણગેસના બે નંબરના ધિકતા ધંધા કરતા ઈસમોને ઘી-કેળા છે. લગ્ન સમારંભોમાં મોટાપાયે રાંધણગેસના બાટલાઓની જરૂર પડતી હોય છે ત્યારે પ્રજાજનો રાંધણ ગેસના ઉંચામાં ઉંચા ભાવો આપી રાંધણગેસના બાટલા ખરીદતા હોય છે ત્યારે આજે ભિલોડાનગરના હાર્દસમા ભુલવણી વિસ્તારના દરજી ફળી પાસેથી ઈન્ડેન રાંધણગેસના બે નંબરના ૧૬ બાટલા ટેમ્પામાંથી ઝડપાયા હતા. રાંધણ ગેસ બાટલાના બે નંબરના ધંધા કરતા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે. લાગતા વળગતા તંત્ર દ્વારા સત્વરે ન્યાયિક તપાસ કરવામાં આવે તો અનેક ઈસમો પકડાય શકે તેમ છે. ભિલોડા નાયબ મામલતદાર, પુરવઠા વિભાગના ઈશ્વરસિંહ ભાટીના જણાવ્યા મુજબ તા. ૪-૨-૨૦૧૩ને સોમવારના રોજ બપોરે ૩.૦૦ વાગ્યાના સુમારે મોડાસા તરફથી આવતા ટેમ્પા ચાલકે ભિલોડા હાથમતી પુલ પાસે ભિલોડા મામલતદાર ઓફીસની ગાડી અને કર્મચારીઓને ટેમ્પો ચાલક મેઘા ઓટો પાર્ટસ, ભિલોડાવાળા સુભાષભાઈ ઉર્ફે ભરતભાઈ જમનાગીરી ગૌસ્વામી જોઈ જતાં ટાટા ટેમ્પો નંબર જીજે-૯-એક્સ-૯૮૯૪ની અંદર બે નંબરના ઈન્ડેન રાંધણગેસના બાટલા ભરેલા હતા ત્યારે ટેમ્પોચાલકે પુરપાટ ઝડપે ટેમ્પો હંકારતા ડૉ. આંબેડકર માર્ગ ઉપરથી પસાર થયો હતો. ભુલવણી વિસ્તારના દરજી ફળીની ગટરમાં ટેમ્પાના જમણી સાઈડના બંને ટાયરો ગટરમાં ઉતરી પડતાં ટેમ્પોચાલક અને ઈન્ડેન રાંધણગેસના ૧૬ બાટલા ઝડપાયા હતા. ઈન્ડેન રાંધણ ગેસના બાટલાની કિંમત રૂ. ૨૯,૯૨૦ અને ટેમ્પાની કિંમત રૂ. ૬,૦૦,૦૦૦ કુલ મુદ્દામાલ ૬,૨૯,૯૨૦ નો ઝડપાયો હતો. ટેમ્પાચાલકે બે નંબરના રાંધણ ગેસના બાટલા ટેમ્પામાં ભરેલા હોવાના કારણે બચવા માટે પુરપાટ ઝડપે માતેલા સાંઢની માફક ટેમ્પો હંકારતા હંકારતા રહેણાંક વિસ્તારો તરફ ભાગી ગયો હતો. પરંતુ અનેક રાહદારીઓનો ચમત્કારીક બચાવ થયો હતો.

હિંમતનગરના નગીનાફળી વિસ્તારમાંથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૫

હિંમતનગર શહેરના નાની વહોરવાડ વિસ્તારમાંથી ગત રાત્રીએ પોતાના ઘર પાસે પાર્ક કરેલુ બાઈક અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી પલાયન થઈ ગયા હતા. બનાવની ફરીયાદ હિંમતનગર ટાઉન પોલીસમથકે નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ હિંમતનગરના વહોરવાડ વિસ્તારમાં આવેલી નગીનાફળીમાં રહેતા કોર્પોરેટર અબ્દુલ રઝાક અબ્દુલનબી પુનાસીયાએ પોતાનું બાઈક નંબર જીજે-૯-એકે-૪૩૮૧ ઘર આગળ પાર્ક કર્યું હતું. ત્યાંથી ગત રાત્રીના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમો બાઈકની ઉઠાંતરી કરી લઈ ગયા હતા. ગતરોજ બાઈક માલીકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શબ્દાવલી - ૪૯૭૦



આડી ચાવી

૧. બચપણ (૪)
૩. ઊંડા ખાડાની ઊભી કોર (૩)
૬. સુંદર, મનોરમ્ય (૪)
૭. શુધ્ધ આહાર (૪)
૮. જોમ, જુસ્સો (૨)
૯. સ્કૂલમાં બોર્ડ પર લખવા માટે... જોઈએ (૨)
૧૧. સામ..., આપનેસામને (૨)
૧૨. સીમા, હદ (૪)
૧૪. નકાબ, પગથી માથા સુધી ઢંકાઈ જાય તેવું વસ્ત્ર (૩)
૧૬. સ્તુતિ, પ્રાર્થના (૩)
૧૮. સ્હેજ (૩)
૧૯. ટોળું (૨)

ઊભી ચાવી

૧. બાકી રાખવું તે (૩)
૨. હેરાન... (૪)
૩. 'નોકર' શબ્દ આડો અવળો (૩)
૪. વાટ, ઈન્તજાર (૨)
૫. બીકણ (૪)
૬. મોટું, કાર્યોથી મોટું (૩)
૮. પ્રકૃતિ, શરીરની... (૩)
૯. ચારે તરફ, ચારેબાજુ (૩)
૧૦. પંક, કીચડ (૩)
૧૧. કપડાં ધોવા, ન્હાવા... જોઈએ (૨)
૧૨. બુધ્ધિમાં ઉતરવું, ... પડવી (૩)
૧૩. હાથમાં, વહિવટ બધો તેના... છે (૩)
૧૫. ઘર (૩)
૧૭. આકાશ (૨)

શબ્દાવલી ૪૯૬૯ના જવાબ

આડી ચાવી :- (૧) પોલીસ ચોકી (૫) ભંગ (૭) કનક (૮) ચડભડ (૧૦) ડફલી (૧૪) કારતક (૧૬) લોજ (૧૭) રબર (૧૮) જોશભેર (૨૦) ભારેખમ (૨૧) કટાણું (૨૨) મણા

ઊભી ચાવી :- (૧) પોકળ (૨) લીન (૩) સકળ (૪) કીચડ (૫) ભંભલી (૬) ગડ (૯) ડફણું (૧૧) પરબ (૧૨) રાંક (૧૩) હજરત (૧૪) કાર (૧૫) તરભાણુ (૧૬) લોભે (૧૮) જોખમ (૧૯) શમણા

ડીસાની અનુપમ સોસાયટી નજીક રહેતા યુવકે ફાંસો ખાઈ કરી આત્મહત્યા

ડીસા, તા. ૫

ડીસા હાઈવે વિસ્તારમાં આવેલ અનુપમ સોસાયટી નજીક રહેતાં એક યુવકે ગતરાત્રીએ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ મામલે યુવકના પિતાની જાહેરાતના આધારે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની મળતી વિગતો જોતા ડીસાની અનુપમ સોસાયટી નજીક આવેલ એક ખેતરમાં રત્નાજી ખેમાજી માજીરાણા પરિવાર સાથે રહેતા હતાં. જેમનો સૌથી મોટો પુત્ર ચેતનભાઈ રત્નાજી માજીરાણા ઉ.વર્ષ. ૩૦ ગતરાત્રીએ કોઈ અગમ્ય કારણોસર માનસીક રીતે અસ્વસ્થ બનતાં તેને જીવન ટુંકાવવાનું ની કર્યું હતું. અને પરિવાર જનો સામે "હું જીંદગીથી કંટાળી ગયો છું." તેવું જાહેર કરી પરિવાર જનો તેને રોકે તે પહેલાજ દોડ લગાવી રૂમમાં બંધ થયો હતો. અને અંદરથી બારણું બંધ કરી છતના ભાગે દોરડુ લટકાવી ફાંસો ખાતા ક્ષણવારમાંજ તેનું મૃત્યું થયું હતું. આ બનાવ સમયે મૃતકના પિતા રત્નાજી થરાદ રોડ પર આવેલ તેમના બીજા ખેતરમાં કામકાજ અર્થે ગયા હતાં. જેમને બનાવની જાણ થતાં તેઓ તુરંત ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. જોકે પોતાના સૌથી મોટા દીકરાના મોતના બનાવ નજર સમક્ષ જોતા તેઓ ભાંગી પડ્યા હતાં. જે બાદ તેઓએ આ મામલે ડીસા શહેર પોલીસ મથકે જાણ કરતાં પોલીસે લાશનો કબજો સંભાળી ધોરણસર કાર્યવાહી કરી હતી. આ બનાવ બનતા સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી છવાઈ હતી.

કલોલમાંએકના ડબલની લાલચમાં રૂપિયા ૧.૨૦ કરોડ ગુમાવવા પડયા

કલોલ, તા. ૫

એકના ડબલ કરવાનો વધુ કિસ્સો ગાંધીનગરના કલોલ ખાતે બન્યો છે. એકના ડબલ કરવાની સ્કીમ હેઠળ જુદા જુદા લોકોને લલચાવી છમંતર થઈ ગયેલા ૩ શખ્સો વિરુદ્ધ એક મહિલાએ કલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. એક કરોડથી વધુ રકમનું ફુલેકુ ફેરવી છુમંતર થઈ ગયેલા ૩ શખ્સો વિરુદ્ધ બે દિવસમાં ૨૦ થી વધુ અરજીઓ આવેલી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ કડી ખાતેની એલએચ પાર્ક સોસાયટીમાં રહેતો અનિષ બિસ્મિલ્લાખાન ખોખર કડીમાં રહેતો આસીફ રસુલભાઈ પરમાર અને કલોલનાં નાસીર રસુલભાઈ ભાડભુજાએ ભેગા મળી નવનિર્માણ મહિલા બચત મંડળી અને સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ કંપની નામથી જુદી જુદી સ્કીમો જાહેર કરી કલોલ શહેરના અનેક લોકોને એકના ડબલ રૂપિયા કરી આપવાની લાલચ આપી અનેક લોકો પાસેથી કરોડો રૂપિયા ભેગા કર્યા હતા. ત્રણ મહિના બાદ જ્યારે પૈસા લેવા એક મહિલા ગઈ ત્યારે ત્યાં કોઈનો પત્તો ન હતો. આ બાબતે મટવા ફૂવાની હુસેનાબીબી પઠાણની ફરિયાદને આધારે કલોલ પોલીસે ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી છે.

રૂા. ૧.૨૦ કરોડનુ ફૂલેકું ફેરવી નાસી જનાર આરોપી વિરુદ્ધ અત્યાર સુધી ૨૦ થી વધુ અરજીઓ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પરંતુ ફરિયાદ નોંધાવવા કોઈ તૈયાર થતું નથી. જેથી પોલીસતંત્ર પણ અમુક અંશે અવઢવમાં મુકાયેલી જોવા મળે છે.

વધુ જગ્યા મળશે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટેની કામગીરી શરુ કરવાનું પણ આયોજન છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજનામાં ધીમા અમલીકરણનો આડકતરો એકરાર કરતાં તેમણે જણાવ્યું હતું કે મહાનગરપાલિકા હસ્તક હાલ માત્ર નાયબ કાર્યપાલક ઈજનેર કક્ષાના સરકારશ્રીના ઈજનેરશ્રી સીટી એન્જીનીયર તરીકે વધારાની કામગીરી સંભાળે છે. મહાનગરપાલિકામાં તેઓ સિવાય અન્ય કોઈ તાંત્રિક માળખું ન હોવાથી તેમજ લોકફાળો મળવાનો બાકી હોવાથી આ કામગીરી હાથ ધરવાની બાકી છે.

તેમણે જણાવ્યું હતું કે આ યોજના અંતર્ગત મળેલ રૂ. ૪ કરોડની ગ્રાન્ટમાંથી સેકટર-૧૬, ૨૦, ૨૨, ૨૮, ૨૯, ૩૦માં આવેલ રંગમંચના નવીનીકરણના કામો તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે.

બજેટ સર્વગ્રાહી..

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી છે. ખાસ કરીને ઓન-લાઈન વેરા વસુલાત પદ્ધતિ તેમજ મનપાની વેબસાઈટ અને વહીવટીતંત્ર માટે કેપેસીટી બિલ્ડીંગ અને અન્ય બાબતો પર ભાર મુકવામાં આવ્યો છે.

શહેરમાં આવતા શ્રમિકો માટે બે રેન-બસેરા બનાવવાનું આયોજન, મુખ્ય માર્ગોની સફાઈ માટે મિકેનાઈઝડ સફાઈ વ્યવસ્થા એ ખુબજ મહત્વના પગલાંઓ હોવાનું પણ તેમણે કહ્યું હતું.

ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ માટે રિટેન્ડરીંગની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણમાં મફત ડસ્ટબીન પુરા પાડવાની વાતનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે સ્વચ્છતા માટે જન-જાગૃતિ અભિયાન પણ તંત્ર છેડશે. તેમણે કહ્યું હતુ કે મહાનગરપાલિકા નવરચિત હોવાને કારણે ઘણા પડકારો વચ્ચે પણ વર્તમાન કામગીરી તથા વિકાસલક્ષી આયોજન ભવિષ્યને અનુલક્ષીને કરવામાં આવ્યું છે.

શ્રી પાડલિયાએ જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડની સેવાઓનું સુદૃઢીકરણ કરવામાં આવશે. તેમજ બજેટ રિફોર્મસ પણ અમલી બનાવવામાં આવશે. આ ઉપરાંત ઓડીટીંગ રિફોર્મ પણ અમલી કરી વહીવટીય સુધારણાની દિશામાં મહત્વના પગલાંઓ આ અંદાજપત્રમાં સૂચવવામાં આવ્યા છે.

મનપા બજેટ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાટનગરને અગ્નિશમનની આધુનિક સેવાઓ મળે તે માટે ફાયરબ્રિગેડનું આધુનિકરણ કરવા પાછળ રૂ. ૧૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત રૂ. ૧૦ કરોડની ગ્રાન્ટ સરકારમાંથી ઉપલબ્ધ બને તે માટેની દરખાસ્ત પણ તૈયાર કરવામાં આવી છે.

શ્રી પાડલિયાએ તેમના ડ્રાફ્ટ બજેટમાં પગાર ખર્ચમાં સૂચવેલા વધારા અંગે પત્રકારોએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે નવા કર્મચારીઓની ભરતી માટેની પ્રક્રિયા ચાલી રહી છે તેમજ પૂરક સ્ટાફ પેટર્નની દરખાસ્ત પણ સરકારને મોકલવામાં આવી છે. જે નવી માનવશક્તિ આગામી નાણાંકીય વર્ષમાં ઉપલબ્ધ થશે.

તેમણે વહીવટીય સુધારણા અંગેના પગલાંઓને લઈ પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે વોર્ડ-કચેરીઓની કામગીરી સઘન બનાવી અને એકાદ ઝોનલ કચેરી પણ જરૂરી માનવબળ ઉપલબ્ધ થતાં અસ્તીત્વમાં આવશે.

વેરા વસુલાતની નબળી કામગીરી હોવાના સંદર્ભે સ્પષ્ટતાઓ કરતાં તેમણે જણાવ્યું હતું કે પાંચ દાયકા પછી શહેરમાં ઓગષ્ટ-૨૦૧૨થી વેરા અમલી બન્યા છે અને પાંચ માસના ટુંકા ગાળામાં જ પાંચ કરોડ જેટલી વસુલી થઈ છે તે ઘણી જ સારી કહી શકાય. આ કામગીરી સઘન બનાવવા માટે હજુ એકાદ-બે વખત મુદતમાં વધારો અપાશે અને ત્યારબાદ દંડનીય વ્યાજ વસુલાશે. આ પછી પણ જરૂર જણાશે તો વધુ અસરકારક શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્ર ખચકાશે નહિ.

શ્રી પાડલિયાએ પત્રકારોને જણાવ્યું હતું કે ગત વર્ષની તુલનામાં આ બજેટના કદમાં ૮૬ ટકા જેટલી વૃદ્ધિ કરવામાં આવી છે. નવનિર્મિત મહાનગરપાલિકા હોવા છતાં આવકના સીમીત સાધનોમાંથી વધુ આવક મેળવી સીમીત સેવાઓ જે હાલ તંત્ર સંભાળી રહ્યું છે તેને વધુ અસરકારક બનાવવામાં આવશે.

તેમણે શહેરના મુખ્ય માર્ગોની સફાઈ માટે મીકેનાઈઝ સફાઈ વ્યવસ્થા સૂચવી છે અને આંતરિક માર્ગોની સફાઈ માટે જરૂરી માનવબળ ફાળવવામાં આવશે તેમ પણ કહ્યું હતું.

શહેરી ગરીબ અને પછાત વિસ્તારમાં વિકાસના કામો માટે રૂ. ૧૫૦ લાખ, જ્યારે મેયરશ્રીને ખાસ તાકીદના કામો માટે રૂ. ૨૦૦ લાખ અને કાઉન્સીલરો માટે રૂ. ૯૯ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

શહેરની સ્વચ્છતા અને સુંદરતા જાળવવા માટે જનજાગૃતિ અભિયાન છેડવાની વાત કરી મ્યુનિ. કમિશનરશ્રીએ આ માટે શાળા-કોલેજોમાં સ્વચ્છતાના સૂત્રો તૈયાર કરાશે તેમજ નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા યોજવા ઉપરાંત વસાહત મંડળો સાથે બેઠકોનું આયોજન કરવામાં આવશે.

ઈલેકટ્રીકસીટીની બચત કરી પણ નાણાં બચાવવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે આધુનિકતા અને કરકસરનું સુયોગ્ય સંકલન પર વિશેષ ભાર મુકવામાં આવશે.